
# બકીઅનો પરિચય



**સંપાદક**

હઝરત એહસાને મિલ્લત,
શાઈરે ઈસ્લામ, મુસન્નિફે બેનઝીર,
અલ્લામા સૈયદ એહસાનુલ-હક
એહસાન કાદરી
(જા-નશીને હઝરત મુહિબ્બે મિલ્લત)
મુ.રૂપાલ, તા.બાવલા,
જિ. અહમદાબાદ-૩૮૨૨૨૦

**પ્રકાશક**

**બઝમે કાદરિયહ**
સિંધીવાડ, કસ્બા, મુ.કડી,
જિ.મહેસાણા

**સર-પરસ્ત :**

હઝરત મુહિબ્બે મિલ્લત સૈયદ
દાદામિયાં બાપૂ એસ. કાદરી (રૂપાલ)

**સદર :**

હઝરત સૈયદ યાકૂબમિયાં કાદરી
M. 972 74 75 486

પ્રકાશન નં.૧૮ ✤ નકલ : ૧૦૦૦
તા. ૧૯/૦૪/૨૦૨૨
(૧૭ રમઝાન ૧૪૪૩)

ખાતૂને જન્નત (પહેલાં)



ખાતૂને જન્નત (આજે)








ત્રીજા ખલીફા ઉસ્માને ગની (પહેલાં)



બકીઅમાં ચાર ઈમામોના રૌઝાની જાલી મુબારક આ હતી



અહલે બૈત તથા સહાબા એ કિરામના આલીશાન આસ્તાના (પહેલાં)

# બકીઅનો પરિચય

સંપાદક :- હઝરત એહસાને મિલ્લત, શાઇરે ઇસ્લામ, મુસન્નિફે બેનઝીર, અલ્લામા સૈયદ એહસાનુલ-હક 'એહસાન' કાદરી (જા-નશીને હઝરત મુહિબ્બે મિલ્લત)
મુ. રૂપાલ, તા. બાવલા, જિ. અહમદાબાદ-૩૮૨૨૨૦.

-: પ્રકાશક :-

**બઝમે કાદરિયહ**

સિંધીવાડ, કસ્બા, મુ. કડી, જિ. મહેસાણા.

સરપરસ્ત :- હઝરત મુહિબ્બે મિલ્લત સૈયદ
દાદામિયાં બાપૂ એસ. કાદરી (રૂપાલ)

સદર :- હઝરત સૈયદ યાકૂબમિયાં કાદરી (કડી)
M. : 972 74 75 486

પ્રકાશન નં. : ૧૮ ★ નકલ : ૧૦૦૦
તા. ૧૯-૪-૨૦૨૨ (૧૭ રમઝાન ૧૪૪૩)

## પ્રસ્તાવના

**અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આ-લમીન. વસ્સલાતુ વસ્સલામુ અલા નબિય્યિના વ હબીબિના વ શફી-ઇના મુહમ્મદિન સય્યિદિલ અવ્વલી-ન વલ આખિરીન. વ અલા આલેહી વ સહ-બેહી અજ-મઈન.**

અમ્મા બા'દ ! મદીનાશરીફ દુનિયાના સૌથી પુરાતન (જૂના) શહેરો પૈકીનું એક શહેર છે જેના પુરાતનકાળની જડો ઘણીજ ઊંડી અને ખૂંપેલી છે, હઝરતે નૂહના તોફાન પછીથી લઈને આપણા આ જમાના સુધી આ શહેરના પાલવમાં પુષ્કળ કોમો અને ઘણી બધી જાતિના લોકોએ જિંદગીની ઘડીઓ પસાર કરી છે.

ઈ.સ. ૬૨૨ માં આ શહેરના ભાગ્યમાં એક મહાન ક્રાંતિ લખેલ હતી તે આ કે આ શહેરે ઈમાન અને આસ્થાના જગતમાં થનાર મહાન ક્રાંતિ માટે પોતાના પાલવને ફેલાવી દીધું, એટલે કે આ પવિત્ર શહેરનું નસીબ એવું ઝળહળાં થયું કે સૌપ્રથમ ઇસ્લામી સમાજની પાયો આ શહેરમાં નંખાયો, જેના પછી આ શહેર મુસ્લિમોના હૃદયના ધબકાર અને એમના પ્રેમ તેમજ મોહબ્બતનું એવો આવાસ બની ગયું કે ઈમાનવાળાઓ આ શહેરની જિયારત (દીદાર, દર્શન), આ શહેરમાં આવેલ મસ્જિદે નબવી શરીફમાં નમાઝ અને સૃષ્ટિના તાજદાર હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર દુરૂદો સલામ માટે હાજર થાય છે.

આ શહેરના ઇસ્લામી કેન્દ્ર બની ગયા પછી ઇતિહાસના દરેક યુગમાં કલમના કસબીઓએ આ શહેરના ઇતિહાસ ઉપર પુષ્કળ પ્રમાણમાં કલમ ઉપાડેલ છે અને સુવ્યવસ્થિત રીતે આની શ્રેષ્ઠતાઓ, એમાં મોજૂદ ઐતિહાસિક ચીજો અને તબર્રુકો, પૌરાણિક મસ્જિદો અને નબવી યુગની મહત્વની નિશાનીઓ અને ચિહ્નોને વિગતવાર બયાન કરેલ છે.

અમારી આ નાનકડી પુસ્તિકા આ મહત્વપૂર્ણ શહેર ઉપર લખવામાં આવેલ અઢળક પુસ્તકોની જ એક કડી છે, જેમાં અમે બકીઅ કબ્રસ્તાનનો ઇતિહાસ, એની વિશેષતાઓ, એના વિસ્તૃતીકરણની મંઝિલો (તબક્કાઓ) ઉપર પ્રકાશ ફેંક્યો છે, ઉપરાંત આ કે આ કબ્રસ્તાનની ઝિયારત (મુલાકાત, દીદાર) કરવા આં હઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સુન્નત છે.

અલ્લાહ તઆલા અમારા આ અમલ (કાર્ય)ને માત્ર પોતાની પ્રસન્નતાનું નિમિત્ત બનાવે અને અમને તેમજ બધા મુસલમાનોને પોતાની પેરવી અને નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની ફરમાબરદારીની તોફીક અર્પણ ફરમાવે, આમીન.

**હઝરત સૈયદ એહસાન કાદરી**

રૂપાલ, તા. ૧૯-૪-૨૦૨૨ ૧૭ રમઝાન ૧૪૪૩

# મદીનાશરીફનું સુપ્રસિધ્ધ કબ્રસ્તાન
# જન્નતુલ બકીઅનો પરિચય

અરબીમાં બકીઅ એવા સ્થળને કહે છે જ્યાં વિવિધ પ્રકારના જંગલી વૃક્ષો અને ઝાડી-ઝાંખરા જોવા મળતા હોય, બકીએ ગર્કદ નામ પડવાનું કારણ આ જ છે કે અહીં એક ગર્કદ નામના કાંટાદાર વૃક્ષો પુષ્કળ સંખ્યામાં જોવા મળતા હતા તેથી આનું નામ બકીએ ગર્કદ પડી ગયું.

**ફૂટનોટ :-** આ જગ્યા ઉપરાંત પણ મદીનાશરીફમાં બકીઅ નામના અમુક સ્થળો હતા જે પૈકી “બકીએ ખંજબા” જ્યાં ખંજબા નામના વૃક્ષની પુષ્કળતા હતી, બકીએ બત્હાન, જે બત્હાનની વાદી (ખીણ)થી સંબંધિત છે, બકીઉલ ખૈલ આ જગ્યાએ પૌરાણિક કાળમાં મદીનાવાસીઓનું બજાર ભરાતું હતું. બકીઉલ મુસ્લી, બકીઉલ ખુઝમાત વગેરે વગેરે. પણ જ્યાં માત્ર બકીઅ ક્હેવામાં આવશે ત્યાં આશય મદીનાવાસીઓનું કબ્રસ્તાન-બકીએ ગર્કદ જ હશે. - ફૂટનોટ પૂરી.

**ગર્કદ કોને કહે છે ?**

મોટા કાંટાદાર વૃક્ષને ગર્કદ કહે છે.

અત્યારે આ વૃક્ષો તો નામશેષ થઈ ગયાં છે પણ (ફક્ત) નામ બાકી છે. અત્યારે આ મદીનાવાસીઓનું કબ્રસ્તાન છે.

**બકીઅના ઇતિહાસનું વિહંગાવલોકન :-**

જેવું કે ઉપર આવી ગયું છે કે બકીઅ એવી જગ્યાને કહે છે જ્યાં જંગલી વનસ્પતિઓ અને ઝાડી-ઝાંખરા વધુ પ્રમાણમાં જોવા મળે અને બકીઅ કબ્રસ્તાનની જગ્યામાં શરૂઆતમાં આવા જંગલી ઝાડી-ઝાંખરા, કાંટાદાર ઔસજ અર્થાત ગર્કદના વૃક્ષો મોટી સંખ્યામાં હતા તેથી આ કબ્રસ્તાનનું નામ પણ બકીએ ગર્કદ પડી ગયું. આનું ચોક્કસ સ્થાન આ છે કે આ કબ્રસ્તાન મદીનાશરીફની વસ્તીથી બહાર, મસ્જિદે નબવીશરીફની પૂર્વ દિશામાં આવેલ છે. આની આજુબાજુ મકાનો અને બગીચાઓ હતા. ત્રીજી સદીમાં મદીનાશરીફની હદની દિવાલ જે બાંધવામાં આવી, એનાથી આ લગોલગ હતું. આ હદબંધીનો વારંવાર ઉતાર-ચઢાવ થતો રહ્યો છે જેમાં છેલ્લે-છેલ્લે ઉસ્માની હદબંધી તુર્કી યુગમાં સુલ્તાન સુલૈમાન કાનૂનીના યુગમાં થઈ. પછી આ દેશમાં શાંતિનું સ્થાપન થઈ ગયા પછી આ હદબંધી દર્શાવતી દીવાલ પાડી નાખવામાં આવી. પછી મસ્જિદે નબવીશરીફના અંતિમ વિસ્તૃતીકરણમાં આ કબ્રસ્તાન અને મસ્જિદે

નબવીશરીફની વચ્ચે જે મકાનો હતા એ બધાને તોડી નાખવામાં આવ્યા. આ બંનેની વચ્ચે જે મહોલ્લો વસેલો હતો એ અગવાસના નામે ઓળખાતો હતો. મસ્જિદે શરીફની પૂર્વ દિશામાં હવે આ બકીઅ કબ્રસ્તાન મસ્જિદે નબવીશરીફની બહારના સેહન (વરંડા) થી લગોલગ છે.

આં હઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અને મુહાજેરીન હઝરાતે (રદિયલ્લાહુ અન્હુમ) જ્યારે હિજરત કરીને આ શહેર મદીનાશરીફને પોતાનું ઘર અને વતન બનાવ્યું તો આ પવિત્ર શહેરમાં બાંધકામ અને સામાજિક ક્ષેત્રે ઉત્તરોતર વધુ ને વધુ પ્રગતિ થવા લાગી, ત્યારે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ઇરાદો ફરમાવ્યો કે કોઈ યોગ્ય જગ્યા મુસલમાનોની મૈયતોને દફનાવવા માટે નિયુક્ત થઈ જાય, આ જ મકસદ માટે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ આ (બકીઅની) જગ્યાએ પધાર્યા તો ઇર્શાદ ફર્માવ્યું : "મને આ જગ્યા (એટલે કે બકીઅ)નો હુકમ (કબ્રસ્તાન માટે) આપવામાં આવ્યો છે."

(મુસ્તદરક, ઇમામ હાકિમ, ૧૧-૧૯૩)

આ રિવાયતથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ પોતાના પૈગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને આ (બકીઅની) જગ્યાએ મુસલમાનોનું કબ્રસ્તાન બનાવવાનો હુકમ ફરમાવ્યો હતો અને અહીંથી જ આ જગ્યા અર્થાત્ બકીઅ કબ્રસ્તાનની ફઝીલત (શ્રેષ્ઠતા, મહાનતા, વિશેષતા)નો આરંભ થાય છે.

હિજરીસન બે (૨)માં બદ્રની લડાઈ પછી હઝરત ઉસ્માન બિન મઝઊન રદિયલ્લાહુ અન્હુની વફાત થઈ.

**ફૂટનોટ :-** હઝરત ઉસ્માન બિન મઝઊન બિન હબીબ કરશી જમહી, કુન્નિયત અબૂસ્સાઇબ, પ્રખ્યાત સહાબી છે. આપની ગણત્રી મહાન સહાબામાં થાય છે. આપ સ્વભાવે એટલા સારા હતા કે અજ્ઞાનતાના યુગમાં અને ઇસ્લામના યુગમાં પણ આપે કદી દારૂને હાથ અડાડ્યો નથી. આપ તેર (૧૩) જણ પછી ઇસ્લામમાં દાખલ થયા. બે હિજરતોના સૌભાગ્યથી ભાગ્યવાન થયા. આપે બદ્રની લડાઈમાં ભાગ લીધો. એના છ (૬) મહીના પછી આપની વફાતનો મામલો સામે આવ્યો. મુહાજિરોમાં સૌપ્રથમ મદીનાશરીફમાં વફાત પામનાર આપ જ છે. આપની વફાત પર આં હઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ રડી પડ્યા અને આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે આપની વફાત પછી આપની બે આંખો વચ્ચેની જગ્યાને ચૂમી લીધી અને ફરમાવ્યું : "અમારી પહેલાં કૂચ કરનારાઓમાં ઉસ્માન ઘણા સારા છે." આપની કબર પર આં હઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે પથ્થરની નિશાની રાખી જેથી કબરની ઝિયારત કરવામાં

આવે અને જે પણ આં હઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના એહલેબૈતમાંથી વફાત પામે એને આ કબ્બરની નજીક દફનાવવામાં આવે. વિગત માટે જુઓ : અલ ઇસ્તીઆતલ ઇબ્ને અબ્દુલ બર્ર, ૧-૩૨૪, અલ અસાબહલ ઇબ્ને હજર : ૨-૨૪૦.

તો આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે એમને બકીઅમાં દફન કરવાનો હુક્મ ફર્માવ્યો.

**ફૂટનોટ :-** આલિમો તથા ઇતિહાસકારોનો આમાં વિરોધાભાસ છે કે બકીઅમાં સૌથી પહેલાં કોની દફનવિધિ થઈ, મોટા ભાગના આલિમોની સર્વસંમતિ છે કે હઝરત ઉસ્માન બિન મઝઊન મુહાજિરી રદિયલ્લાહો અન્હોને સૌપ્રથમ દફન કરવામાં આવ્યા અને આપની દફનવિધિ બાદ આ પ્રખ્યાત થયું કે આ કબ્રસ્તાન મુસ્લિમો માટે છે, જ્યારે અમુક આલિમોનું ફરમાન આ છે કે હઝરત અસ્અદ બિન ઝરારા અન્સારી રદિયલ્લાહુ અન્હુ પ્રથમ સહાબી છે જેઓ આમાં દફન થયા. બંને ફરમાનોમાં બરોબરી અને સરખાપણું એ રીતે શક્ય છે કે અન્સારમાંથી હઝરત અસ્અદ બિન ઝરારા રદિયલ્લાહુ અન્હુ પહેલા દફન થયા હોય અને મુહાજિરોમાંથી હઝરત ઉસ્માન બિન મઝઉન મુહાજિરી રદિયલ્લાહુ અન્હુ દફન થયા હોય અને જાહેર આ છે કે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ એમની કબ્બર પર પધાર્યા અને એક પથ્થર માંગ્યો. અને એ પથ્થરને કબ્બર પર રાખ્યો. સહાબાએ આમ કરવાનું કારણ પૂછ્યું તો ફરમાવ્યું : "આ પથ્થર મારા ભાઈ (એટલે કે હઝરત ઉસ્માન બિન મઝઉ રદિયલ્લાહુ અન્હુ)ની કબ્બરની ઓળખ છે જેથી મારા ઘરવાળાઓમાંથી જે પણ વફાત પામે એને એમની નજીક જ દફન કરૂં."

(સુ-ન-ને અબૂ દાઊદ : ૯-૪૧૭, સુ-ન-ને બૈ-હકી, ૨-૩૨૨)

પછી એમ થયું કે મુસલમાનોમાંથી જેનો પણ ઇન્તેકાલ થતો તો સહાબાએ કિરામ પૂછતા : હે અલ્લાહના રસૂલ ! ક્યાં દફન કરીએ ? આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ઇર્શાદ ફરમાવતા : અમારી પહેલાં ગુજરનારા ઉસ્માન બિન મઝઉન (રદિયલ્લાહુ અન્હુ) ની પાસે.

(હાકિમ મુસ્તદરક, ૧૧-૧૯૩, તિબરાની-મજ-મઉલ કબીર, ૧૦-૪૩૫)

આ રીતે આ બકીઅ નામનું સ્થળ મુસલમાનોનું કબ્રસ્તાન થઈ ગયું. પસાર થતા દિવસો અને વીતતા જમાનાની સાથોસાથ આ કબ્રસ્તાનમાં દફન થનારા મુસ્લિમોની સંખ્યામાં વધારો થતો ગયો. હદીસના પુસ્તકો અને ઇતિહાસના ગ્રંથોમાં જિકર છે કે આ કબ્રસ્તાનમાં દસ હજારથી વધારે હઝરાત સહાબાએ

કિરામ રદિયલ્લાહુ અન્હુમ દફન છે, એમના ઉપરાંત તાબેઈન અને આલિમો અને નેક લોકો તથા આમ મુસલમાનો જે આ કબ્રસ્તાનની માટીમાં વસી ગયા એમની સંખ્યા આ ઉપરાંત છે.

હઝરત ઉસ્માન બિન અફ્ફાન રદિયલ્લાહુ અન્હુની ખિલાફતના જમાનામાં જ્યારે ફિત્નાની આગ ભડકી ઉઠી, અને આપને શહીદ કરવામાં આવ્યા તો આપને બકીઅ કબ્રસ્તાનમાં દફન કરી ન શક્યા બલ્કે બકીઅની બહાર પૂર્વ દિશામાં હોશે કૌકબ નામની એક જગ્યાએ આપની દફનવિધિ અમલમાં આવી.

**ફૂટનોટ :-** હોશે કૌકબ નામે આ બકીઅથી પૂર્વમાં એક બગીચો હતો જેને હઝરત ઉસ્માન રદિયલ્લાહુ અન્હુ ખરીદ્યો હતો. આપની શહાદત થઈ ગઈ તો આપને એમાંજ દફન ફરમાવવામાં આવ્યા. જુઓ : લિસાનુલ અરબુલ ઇબ્ને મંઝૂર, માદહ હશિશ વન્નિહાયા ફી ગરીબુલ હદીસ, ૧-૯૬૯, મજ-મઉલ બલદાન : ૨-૨૬૨.

હઝરત મુઆવિયા રદિયલ્લાહુ અન્હુ જ્યારે ખલીફા થયા તો આપે આ બગીચાને, જેમાં હઝરત ઉસ્માન રદિયલ્લાહુ અન્હુ દફન હતા, બકીઅ કબ્રસ્તાનમાં શામેલ ફરમાવી લીધો. આ રીતે આ કબ્રસ્તાનનું પ્રથમ વિસ્તૃતીકરણ ગણવામાં આવે છે. આ પછી બકીઅ કબ્રસ્તાન લાંબા સમય સુધી જેમનું તેમ રહ્યું. ઇતિહાસ અને તવારીખના બધાજ પુસ્તકોથી જાણવા મળે છે કે ઇતિહાસના કોઈ યુગમાં આમાં કોઈ વિસ્તૃતી (વધારો) ન થઈ. અહીં સુધી કે બીજો સઊદી યુગ આવ્યો જેમાં બાદશાહ ફૈસલ બિન અબ્દુલ અઝીઝ આલે સઊદે હિજરી સન ૧૩૭૩ માં "બકીએ અમાત"ને બકીઅમાં શામેલ કરવાનું હુક્મનામું જારી કર્યું. આ "બકીએ અમાત" એટલે કે આં હઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની ફોઈઓનું કબ્રસ્તાન જે આમ બકીઅ કબ્રસ્તાનની ઉત્તરમાં હતું અને એ બંને વચ્ચે બંનેને અલગ કરતો એક રસ્તો હતો જે પૂર્વથી આવીને હુર્રા શિર્કિયા જવાના રસ્તા (વર્તમાન શાહ અબ્દુલ અઝીઝ માર્ગ)થી મળી જતો હતો અમાતુલ બકીઅ નામ રાખવાનું કારણ એ હતું કે એમાં આં હઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની ફોઈઓ એટલે કે હઝરત સફિયહ અને હઝરત આતિક્હ રદિયલ્લાહુ તઆલા અન્હુમાની કબરો હતી.

બકીએ અમાત ઉપરાંત એની પૂર્વમાં એક ત્રિકોણ જગ્યા હતી જે મ્યુનિસિપાલીટીના વહીવટ હેઠળ હતી એને પણ બકીઅમાં શામેલ કરી લેવામાં આવી. આ રીતે બકીઅ કબ્રસ્તાનનું કુલ ક્ષેત્રફળ ૫૯૨૯ ચો.મી. થઈ ગયું. આ વિસ્તરણ પછી બકીઅમાં પ્રવેશવા માટે ઉત્તર દિશાએ બે દરવાજા ખોલવામાં

આવ્યા જ્યારે પૂર્વ બાજુએ બે દરવાજા પહેલાંથી જ હતા, આ રીતે બકીઅના ચાર દરવાજા થઈ ગયા.

હિજરી સન ૧૩૯૦માં બકીઅ કબ્રસ્તાનને સિમેન્ટ-કોંક્રિટની મજબૂત દીવાલથી ઘેરી લેવામાં આવ્યું. કબ્રસ્તાનની અંદર પણ પાકા રોડ-રસ્તા બનાવવામાં આવ્યા જેથી વર્ષાઋતુમાં પણ બકીઅમાં આવવા-જવા અને દફન કરવાનું કામ સરળતાથી થઈ શકે.

હિજરી સન ૧૩૦૩માં શાહ ફહદ બિન અબ્દુલ અઝીઝે મદીનાવાસીઓની વધતી જતી વસ્તી અને યાત્રાળુઓની પુષ્કળતાને જોઈને બકીઅના વિસ્તૃતીકરણનું હુક્મનામું બહાર પાડયું. આ વિસ્તૃતી માત્ર પૂર્વ અને દક્ષિણ તરફ હતી. આ વિસ્તૃતીકરણ પછી બકીઅનું કુલ ક્ષેત્રફળ ૧,૭૪,૯૬૨ ચો.મી. થઈ ગયું. આ જ વિસ્તૃતીકરણમાં બકીઅની ચારે બાજુ મજબૂત દીવાલ બાંધવામાં આવી, ભૂતકાળમાં જેનું ઉદાહરણ નથી. એની ઊંચાઈ ૪ મીટર અને એની લંબાઈ ૧૭૨૪ મીટર રાખવામાં આવી. દીવાલને સુંદર ઓપ આપવામાં આવ્યો. ઉપરના ભાગો ક્માનાકારે અને વચ્ચે કાળા રંગની જાળી ફીટ કરવામાં આવી. પશ્ચિમ બાજુએ એક મુખ્ય દરવાજો ખોલવામાં આવ્યો જેથી યાત્રાળુઓ અને મૈયતને દફનાવવામાં સરળતા રહે. વધુમાં આ કે બકીઅમાં જ મૈયતને ગુસ્લ અને કફન તેમજ જનાઝાની પૂરેપૂરી તૈયારીની વ્યવસ્થા કરવામાં આવી, જેના કારણે ખૂબ ઓછા સમયમાં મૈયતને ગુસ્લ અને કફન અપાવા લાગ્યા.

## બકીઅ કબ્રસ્તાનની શ્રેષ્ઠતાઓ :-

અસંખ્ય હદીસોમાં મદીનાશરીફમાં મૃત્યુ થવા અને બકીઅમાં દફનની શ્રેષ્ઠતાઓ વર્ણવવામાં આવી છે જેમાંથી મુખ્ય - મુખ્ય શ્રેષ્ઠતાઓ અમે અહીં જિકર કરીએ છીએ.

(૧) મદીનાશરીફમાં મૃત્યુ પામનારે ક્યામતના દિવસે હુઝુર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની શફાઅત નસીબ થશે, જેવું કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહુ અન્હુથી મરવી છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ઇર્શાદ ફર્માવ્યું : તમારામાંથી જેનાથી થઈ શકે કે એનું મૃત્યુ મદીનામાં થાય તો એ મદીનામાં મરવાનો પ્રયત્ન (આયોજન) કરે, એટલા માટે કે મદીનામાં જેની વફાત થશે હું એની શફાઅત કરીશ.

(સુ-નને તિર્મિઝી, બાબે ફઝલુલ મદીનહ, ૧૪-૮૪, મુસ્નદે અહમદ:૧૨-૩૯૮)

(૨) બકીઅવાળાઓને હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની દુઆ તથા ઈસ્તિગફારનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. ઉમ્મુલ મુઅમેનીન હઝરત આયશા રદિયલ્લાહુ અન્હા ફરમાવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો જ્યારે પણ રાતનો વારો મારો આવતો હતો તો રાતના અંતિમ ચરણમાં આપ બકીઅ તશરીફ લઈ જતા અને ફરમાવતા : અસ્સલામુ અલયકુમ દારે કવ્મે મુઅ્-મેની-ન વ અતાકુમ મા તૂ-અ-દૂન, ગદન મુઅજ્જલૂન, વઇન્ના ઇન્શાઅલ્લાહુ બેકુમ લાહિકૂ-ન અલ્લાહુમ્મગ-ફિર લિ અહલિ બકીઉલ ગર્કદ.

(મુસ્લિમ બાબે મા યકાલુ ઇન્દ દુખૂલુલ કુબૂર વદ દુઆઅલ અહલિહા:૨-૮૪)

**અનુવાદ :-** સલામતી થાય તમારી ઉપર હે મોમિનોની જમાત ! જેનો તમારાથી વાયદો કરવામાં આવ્યો હતો એ પૂરો થઈને રહ્યો અને તમારો (બદલો) કાલ સુધી માટે બાકી રાખવામાં આવ્યો, અને ઇન્શાઅલ્લાહ અમે પણ આવીને તમારાથી મળીશું, હે અલ્લાહ ! બકીઅવાળાઓની મગફેરત ફરમાવ.

(૩) મદીનાશરીફમાં જેની વફાત થશે એ ક્યામતના દિવસે અમનવાળાઓ પૈકી હશે. જેવું કે હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના પવિત્ર ઇર્શાદ છે, “જેની બંને હરમોમાંથી કોઈપણ હરમમાં વફાત થઈ જાય તો એ ક્યામતના દિવસે અમ્નવાળો ઉઠાવવામાં આવશે.” (સુ-નને બૈ-હકી, ૨-૨૪૮, દારે કુત્ની સુન : ૬-૪૮૭, મુસ્દ તયાલસી : ૧-૧૨, મોઅ્જમ તિબરાની-સગીર : ૨-૪૬૮)

(૪) બકીઅમાં જે માણસ દફન થશે એને ક્યામતના દિવસે હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અને શૈખૈન હઝરત અબૂબક્ર અને ઉમર રદિયલ્લાહુ અન્હુમાની સાથે ઉઠાવવામાં આવશે જેવું કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહુ અન્હુમાથી રિવાયત છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ઇર્શાદ ફરમાવ્યું : “સૌથી પહેલાં જમીન જેનાથી ફાટશે એ હું હોઈશ, પછી અબૂબક્ર, પછી ઉમર, પછી હું બકીઅવાળાઓ પાસે આવીશ તો તેઓ મારી સાથે એકત્ર થશે, આ પછી હું મક્કાવાસીઓની રાહ જોઈશ, આમ હું બંને હરમોની વચ્ચેથી ઉઠીશ.”

(સુ-નને તિર્મિઝી, બાબ : મનાકિબે ઉમર : ૧૩-૨૯૪, સહીહ ઇબ્ને હબ્બાન : ૧૩-૩૧૩, હાકિમ મુસ્તદરક : ૮-૪૧૧)

(૫) બકીઅમાં જેની દફનવિધિ થશે એને ૧૦,૦૦૦ સહાબાએ કિરામ અને અસંખ્ય તાબેઈન, નેક લોકો, ઔલિયાઅલ્લાહ તેમજ ઉલ્માએ રબ્બાની જોડે સહવાસ પ્રાપ્ત થશે.

આ ઉપરાંત આ બકીઅ કબ્રસ્તાનની શ્રેષ્ઠતા એ હદીસશરીફથી સાબિત થાય છે જેમાં હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ઉમ્મે કૈસ બિન્તે મહસિન રદિયલ્લાહુ અન્હાથી ફરમાવે છે : "શું તમે આ કબ્રસ્તાન (બકીએ ગરકદ) જોઈ રહી છો ? આનાથી ૭૦,૦૦૦ લોકો ક્યામતના દિવસે ઉઠશે જેમના ચ્હેરાઓ ચૌદમી રાતની જેમ ચમકી રહ્યાં હશે અને આ લોકો હિસાબ વગર જન્નતમાં દાખલ થશે."

(હાકિમ મુસ્તદરક : ૧૬-૨૩૫, મોઅ્જમ કબીર તિબરાની : ૧૮-૩૫૫, મુસ્નદ તયાલસી : ૧-૨૨૭)

## સહાબા રદિયલ્લાહો અન્હુમ તેમજ તાબેઈન રહમતુલ્લાહિ અલૈહિમમાંથી એ મહાન હસ્તીઓ જે બકીઅમાં દફન થઈ

જેવું કે અરજ કરવામાં આવી ગયું છે કે બકીઅ કબ્રસ્તાનમાં સહાબાએ કિરામની મોટી સંખ્યા દફન છે. કાઝી અયાઝ રહમતુલ્લાહે અલૈહેએ ઇમામ માલિક રહમતુલ્લાહે અલૈહેથી નકલ કરેલ છે કે એમણે ફરમાવ્યું : રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ એ લડાઈથી પરત ફર્યા અને એવી-એવી રીતે હજારો સહાબા આપની જોડે હતા, એ હજારો પૈકી લગભગ દસ હજારની વફાત મદીનાશરીફમાં થઈ અને બાકીના દુનિયાના દેશો અને શહેરોમાં વ્હેંચાઈ ગયા. (તર્તીબુલ મદારિક, તકરીબુલ મસાલિક લિલ કાઝી અયાઝ : ૧-૧૧)

જે મહાન અને પ્રખ્યાત હસ્તીઓ બકીઅમાં દફન છે એમની પવિત્ર નામાવલિ આ પ્રમાણે છે :-

સઅદ બિન ઝૈદ બિન નોફૈલ કર્શી, અબ્દુર્રહમાન બિન ઔફ કર્શી, અબ્દુલ્લાહ બિન મસઊદ હઝલી, અબ્દુલ્લાહ બિન અબૂબક્ર સિદ્દીક, ઉબઈ બિન કઅબ અન્સારી, ઉસૈદ બિન હુઝૈર, ઉસામા બિન ઝૈદ, ઔસ બિન સાબિત બિન મુન્ઝર, ઔસ બિન ખોલી બિન અબ્દુલ્લાહ અન્સારી, અસ્અદ બિન ઝરારહ, અર્કમ બિન અબિલ અર્કમ, જાબિર બિન અબ્દુલ્લાહ, જબ્બાર બિન સુખર અન્સારી, જબીર બિન મોઅ્તઇમ કર્શી, હારિસ બિન ખુઝૈમહ અબૂ બિશર, હકીમ બિન હિઝામ બિન ખુવૈલદ, હસ્સાન બિન સાબિત, હુજ્જાજ બિન અલાત સલમી, હાતિબ બિન અબી બલ્તઅહ લખમી, હુવૈતબ બિન

## 10. બકીઅનો પરિચય

અબ્દુલ અઝી કર્શી, ખબાબ મૌલી ઉત્બહ, ખફ્ફાફ બિન અયમી ગફ્ફારી, ખુવૈલદ બિન ઉમ્રો અબૂ શરીહ ખઝાઈ, ખવાત બિન જ્બીર, અબૂ અબ્દુલ્લાહ, ઝૈદ બિન ખાલિદ જહની, સલ્મતહ બિન સલામહ અન્સારી, સલ્મતહ બિન અલ્અકૂઅ, સુહલ બિન બયદા, સુહલ બિન સઅદ, સુહલ બિન અબી હત્મહ, સાઇબ બિન યઝીદુલ્કનાઈ, સુહૈલ બિન બયદાઅ, સુહૈબ બિન સિનાન, સખર બિન હરબ અબૂ મુઆવિયહ, અબ્દુલ્લાહ બિન બહીનહ, અબ્દુલ્લાહ બિન સાબિત અન્સારી, અબ્દુલ્લાહ બિન ગસીલ અબૂ ખન્ઝલહ, અબ્દુલ્લાહ બિન કઅબ અન્સારી, ઉમરો બિન સરહ કર્શી, ઉમરો બિન ઉમય્યહ ઝમરી, ઉમરો બિન હઝમ બિન ઝૈદ, ઉક્બહ બિન ઉમરો અબૂ મસ્ઊદ બદરી, ઉક્બહ બિન મસ્ઊદ હઝલી, અલ્ક્મહ બિન વક્કાસ લૈસી, કૈસ બિન સઅદ બિન અબાદહ અન્સારી અબૂલ ફઝલ, કતાદહ બિન અન્નો'માન અન્સારી અબૂ ઉમરો, કઅબ બિન માલિક અન્સારી અબૂ અબ્દુલ્લાહ, મુહમ્મદ બિન મુસલ્લમહ અન્સારી, મુહમ્મદ બિન અબીલ જહમ, મુહમ્મદ બિન અબી બિન કઅબ, મુઆઝ બિન અલ હારિસ અન્સારી, માલિક બિન ઉમરો બિન અતીક, માલિક બિન રબીઅહ અન્સારી, મુગીરા સકફી, મો'કલ બિન સિનાન, મખ્રમહ બિન નૌફલ કર્શી, મિકદાદ બિન અસ્વદ હુઝ-રમી, નૌફલ બિન મુઆવિયહ, હિન્દ બિન હારસહ અસ્લમી, અબૂ શરીહ કઅબી ખઝાઈ, અબૂ હુરૈરા દૌસી, અબૂલ યસર અન્સારી, રૈહાનહ બિન્તે શમ્ઊન, મારિયહ કિબ્તીયહ ઉમ્મે ઇબ્રાહીમ, ઉમ્મે રૂમાન ઝૌ-જહ અબૂબક્ર સિદ્દીક, ઉમ્મે સુલૈમ બિન્તે મલ્હાન, સબ્ઇય્યહ બિન્તે અલ હારિસ અસ્લમિયહ રદિયલ્લાહુ અન્હુમ અજ-મઈન.

જમાનાના મહીનાઓ અને વર્ષો પસાર થવાની સાથોસાથ ઉપરોક્ત હસ્તીઓની કબરોની નિશાનીઓ દિમાગોમાંથી વિસરાઈ ગઈ, સિવાય અમુક માત્રની, બાકીના બધાની કબરોની કોઈ નિશાની અથવા ચિહ્ન બાકી નથી રહ્યાં. જે કબરો હજી સુધી ઓળખી શકાય છે એ મદીનાવાસીઓની લેખિત અને પેઢી દર પેઢી ચાલી આવતી પરંપરાગત ઓળખને આભારી છે. ઉપરાંત અમુક ઇતિહાસવેત્તાઓએ પણ પોતાના પુસ્તકોમાં અમુક કબરોની નિશાનીઓ દર્શાવી છે જેમકે અબ્દુલહક મોહદ્દિસ દહેલ્વીએ "જઝબુલ કુલૂબ ઇલા દયારિલ મહબૂબ"માં તથા ફીરોઝાબાદીએ પોતાના પુસ્તક "મગાનિમે મુતાબહ"માં અને સમ્હૂદીએ "વફાઉલ વફા"માં કબરોની નિશાનીઓ આલેખી છે.

(જુઓ : જઝબુલ કુલૂબ ઇલા દયારિલ મહબૂબ : ૧-૨૧૮,
મગાનિમે મુતાબહ : ૧-૪૬૬, વફાઉલ વફા : ૩-૨૬૮)

# હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સાહબઝાદીઓ (પુત્રીઓ)ની પવિત્ર કબરો



**(૧) સૈયદા ઉમ્મે કુલ્સૂમ રદિયલ્લાહુ અન્હા**

**(૨) સૈયદા રુકય્યહ રદિયલ્લાહુ અન્હા**

**(૩) સૈયદા ઝયનબ રદિયલ્લાહુ અન્હા**

ઉપરોક્ત ત્રણે હસ્તીઓની કબરો બકીઅના મુખ્ય પશ્ચિમી દરવાજાની સામે લગભગ ૩૦ મી.ના અંતરે છે.

**હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના એહલેબૈત રદિયલ્લાહુ અન્હુમની કબરો :-**

**(૧) સૈયદા ફાતિમહ ઝહરા રદિયલ્લાહુ અન્હા**

**ફૂટનોટ :-** સમ્હૂદીએ વફાઉલ વફામાં અમુક રિવાયતો લખી છે જેનાથી જણાય છે કે હઝરત ફાતિમહ રદિયલ્લાહુ અન્હા પોતાના એ જ મકાનમાં મદફન થયાં જે મસ્જિદે નબવીથી લગોલગ હતું, અને પછી જેને મસ્જિદે નબવીના વિસ્તરણમાં શામેલ કરવામાં આવ્યું. એ રિવાયતોમાંથી એક રિવાયત આ છે જેને જઅ્ફર બિન મુહમ્મદ પોતાના પિતાથી રિવાયત કરે છે : હઝરત ફાતિમહ રદિયલ્લાહુ અન્હાની દફનવિધિ રાત્રિના સમયે પોતાના મકાનમાં જ અમલમાં આવી જેને પછી મસ્જિદે નબવીશરીફના વિસ્તરણમાં શામેલ કરવામાં આવ્યું. તો આપની કબર મસ્જિદના એ દરવાજાની નજીક છે જે અસ્મા બિન્તે હુસૈન બિન અબ્દુલ્લાહના ઘરની સામે છે.

સમ્હૂદીએ આ પ્રકારની રિવાયતોનો જિકર કર્યા પછી ફરી એ રિવાયતોના રદમાં આલિમોના કથનોનો જિકર કર્યો છે. ઇબ્ને શબહ આ રિવાયત વિષે કહે

છે : મારો વિચાર આ છે કે આ રિવાયતમાં ભૂલ થઈ છે. ખરી વાત આનાથી અલગ છે તે આ કે આપ રદિયલ્લાહુ અન્હાની દફનવિધિ બકીઅમાં અમલમાં આવી જેવું કે ખરી રિવાયતોથી આ વાત સાબિત અને પાકી છે. એ રિવાયતોમાંથી એક રિવાયત એ છે જેને હાફિઝ ઇબ્ને અબ્દુલબર્ર રહમતુલ્લાહે અલૈહેએ નકલ કરે છે કે : હઝરત હસન રદિયલ્લાહુ અન્હુની જ્યારે વફાત થઈ તો એમની દફનવિધિ એમની વાલેદા (માં) હઝરત ફાતિમહ રદિયલ્લાહુ અન્હાની પડખે થઈ. આ રિવાયત લખ્યા પછી સમ્હૂદી લખે છે કે આ જ કથન વધારે સાચું છે. વલ્લાહુ તઆલા અઅ-લમ. (જુઓ : વફાઉલ વફા: સમ્હૂદી : ૩-૨૮૦/૨૮૯)

(૨) હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ રદિયલ્લાહુ અન્હુ (હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના આદરણીય કાકા)

(૩) હઝરત હસન બિન અલી રદિયલ્લાહુ અન્હુમા

(૪) હઝરત ઝૈનુલ આબેદીન બિન અલ હુસૈન બિન અલી રદિયલ્લાહુ અન્હુમ

(૫) મુહમ્મદ અલ બાકિર બિન ઝૈનુલ આબેદીન રદિયલ્લાહુ અન્હુ

(૬) હઝરત જઅ્ફર અસ્સાદિક બિન મુહમ્મદ અલ બાકિર રદિયલ્લાહુ અન્હુ

ઉપરોક્ત હસ્તીઓની કબરો હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સાહેબઝાદીઓ (દીકરીઓ)ની કબરોએ ઊભા રહેનારની જમણી બાજુ દક્ષિણ દિશાએ લગભગ ૨૫ મીટર ના અંતરે આવેલી છે.

## હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની પુનિત પત્નીઓની કબરો

(૧) સૈયદા આયશા બિન્તે સિદ્દીક રદિયલ્લાહુ અન્હા

(૨) સૈયદા સવદા બિન્તે ઝમ્અહ અલ આમિરિયહ રદિયલ્લાહુ અન્હા

(૩) સૈયદા હફસા બિન્તે ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હા

(૪) સૈયદા ઝૈનબ બિન્તે ખુઝૈમહ અલ હિલાલિયહ રદિયલ્લાહુ અન્હા

(૫) સૈયદા ઉમ્મે સલ્મહ બિન્તે અબૂ ઉમૈયહ અલ મખ્ઝૂમીયહ રદિયલ્લાહુ અન્હા

(૬) સૈયદા જુવૈરિયહ બિન્તે અલ હારિસ અલ મુસ્તલકિયહ રદિયલ્લાહુ અન્હા

(૭) સૈયદા ઉમ્મે હબીબા રમ્લા બિન્તે અબૂ સુફિયાન રદિયલ્લાહુ અન્હા

(૮) સૈયદા સફિયહ બિન્તે હઈ બિન અખ્તબ રદિયલ્લાહુ અન્હા

(૯) સૈયદા ઝૈનબ બિન્તે જહશ રદિયલ્લાહુ અન્હા

રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સાહેબઝાદીઓ (બેટીઓ)ની ઉત્તરે એ રીતે કે જો કોઈ માણસ હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની

સાહેબઝાદીઓની કબરે ઊભો હોય તો એની ડાબી બાજુ લગભગ આઠ મી. ના અંતરે ઉપરોક્ત પુનિત પત્નીઓની પવિત્ર કબરો છે.

## હઝરત અકીલ બિન અબૂ તાલિબ રદિયલ્લાહુ અન્હુ અને એમની સાથેની કબરો

(૧) હઝરત અબ્દુલ્લાહ બિન જઅ્ફર તૈયાર રદિયલ્લાહુ અન્હુ

(૨) અબૂ સુફિયાન બિન અલ-હારિસ બિન અબ્દુલ મુત્તલિબ.

આ કબરો હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની પુનિત પત્નીઓની પવિત્ર કબરોથી પાંચ મી. દૂર ઉત્તરે આવેલી છે.

ઇબ્ને ઝબાલહએ ખાલિદ બિન ઔસજહથી રિવાયત કરી છે કે એમણે બયાન કર્યું કે : હું અકીલ બિન અબી તાલિબના ઘર પાસે ખૂણામાં એક રાતે દુઆ અને ઇસ્તિગફાર કરી રહ્યો હતો કે જઅ્ફર બિન મુહમ્મદ અરીઝ મારી પાસેથી પસાર થયા, એમની સાથે એમના ઘરવાળા પણ હતા, મારાથી પૂછવા લાગ્યા, શું તમે આ જગ્યાએ કોઈ ખાસ નિશાનીવાળા સ્થળે ઊભા છો ? મેં કહ્યું, ના. કહેવા લાગ્યા : આ એ જગ્યા છે જ્યાં રાત્રિના સમયે આવીને હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ બકીઅવાળાઓ માટે મગફેરતની દુઆ કરતા રહેતા હતા.

(અલ મગાએમુલ મુતાબહ : ૧-૪૬૨, વફાઉલ વફા લિલ મસ્હૂદી : ૩-૨૬૬, આ રિવાયત પછી ઇબ્ને ઝબાલહ કહે છે કે અકીલનું મકાન એ જ જગ્યાએ હતું જ્યાં એમની કબર છે. તહકીકુન્નુસ્રહ : ૧૨૬, વફાઉલ વફા : ૩-૨૬૬) ઝૈન મરાગીનું કથન છે કે : આ જગ્યાએ દુઆ કરવી જોઈએ, મને ઘણા લોકોએ બતાવ્યું કે આ કબરની નજીક દુઆ કબૂલ અને સ્વીકૃત છે.

(તહકીકુન્નસ્રહ : ૧૨૬, વફાઉલ વફા : ૨૬૭)

## હઝરત ઇમામ માલિક બિન અનસ રદિયલ્લાહુ અન્હુ

*હૈ જન્નતુલ બકીઅ બુઝુર્ગોંકી યાદગાર*
*હૈં અહલે બૈતે પાકકે અકસર યહીં મઝાર*
*કબ્રે જનાબે ફાતિમા ઝહરાકે મૈં નિસાર*
*જિસ પર હૈ ઉનકે ફઝલો ફઝાઇલકા ઇન્હિસાર*
*શામિલ જો ઇસમેં ખાક હૈ આલે રસૂલકી*
*ઇસ વાસ્તે ખુદાને યહ હુરમત કુબૂલ કી*

*કબ્રે હસન યહીં હૈ, નહીં ઇસમેં કુછ કલામ*
*ઝૈનુલ અબાકા બા'દે કઝા હૈ યહીં કયામ*
*મદફૂં યહાં હૈં બાકિરો જઅફર સે ભી ઇમામ*
*કુછ ઔર ભી હૈં તુરબતે સાદાતે નેક નામ*
*અસ્હાબે મુસ્તફા ભી યહાં દફ્-ન ચંદ હૈં*
*કબ્રોંસે જિનકી ઇસકે મરાતિબ બુલંદ હૈં*

ડિ ***ચૌધરી દિલ્લુરામ કૌસરી***

## અને એમની પાસેની કબરોનું બયાન

અકીલ બિન અબી તાલિબની કબરની પૂર્વમાં, હાલના સિમેન્ટથી



બનેલા રસ્તાઓના મિલાપથી લગભગ ૧૦ મી.ના અંતરે બે કબરો છે :

(૧) હઝરત ઇમામ માલિક બિન અનસ રદિયલ્લાહુ અન્હુની કબર છે જેમનાથી માલિકી મઝહબનો સંબંધ છે.

(૨) બીજી કબર હઝરત ઇમામ નાફેઅ બિન અબી નઈમ રહ્મતુલ્લાહે અલૈહેની છે, આ ઇમામ માલિક્ના પીરોમાંથી છે ઉપરાંત કિર્અતના દસ પ્રખ્યાત ઇમામો પૈકી એક છે જેમની કિર્અત પરંપરાગત ચાલી આવી છે, આ પણ મદીનાશરીફના કારીઓના ઇમામ ક્હેવામાં આવ્યા.

## હઝરત ઉસ્માન બિન મઝઊન રદિયલ્લાહુ અન્હુ અને એમની પાસેની કબરો

ઇમામ માલિક રહ્મતુલ્લાહે અલૈહેની કબરની પૂર્વમાં લગભગ વીસ (૨૦) મીટરના અંતરે આ કબરો છે :-

(૧) હઝરત ઉસ્માન બિન મઝઊન રદિયલ્લાહુ અન્હુની કબર, આ મુહાજિરોમાં સૌથી પહેલાં બકીઅમાં દફન થયા.

(૨) રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના સાહબઝાદા (પુત્ર) હઝરત ઇબ્રાહીમ રદિયલ્લાહુ અનહુની કબર

(૩) હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિયલ્લાહુ અન્હુની કબર

(૪) હઝરત સઅદ બિન અબી વકાસ રદિયલ્લાહુ અન્હુની કબર

(૫) હઝરત અસ્અદ બિન ઝરારહ રદિયલ્લાહુ અન્હુની કબર

(૬) હઝરત ખનીસ બિન હિઝાફા સેહમી રદિયલ્લાહુ અન્હુની કબર

(૭) હઝરત ફાતિમહ બિન્તે અસદ એટલે કે હઝરત અલીની વાલેદા (માં)ની કબર. (ઇતિહાસકારોના સત્ય કથનાનુસાર.)


**ફૂટનોટ :-** આ હઝરત અલીના વાલેદા છે અને રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની પરવરિશ કરનાર છે. જ્યારે એમની વફાત થઈ તો આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે એમને પોતાનું કમીસ મુબારક ઉતારીને પહેરાવ્યું અને એમની કબરમાં હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ખુદ પોતે ઉતર્યા અને એમાં થોડી વાર માટે સૂઈ રહ્યા. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પાંચ હસ્તીઓ સિવાય કોઈની કબરમાં નથી ઉતર્યા. હઝરત ખદીજા રદિયલ્લાહુ અન્હાની કબરમાં મક્કામાં, હઝરત ખદીજા રદિયલ્લાહુ અન્હાના દીકરાની કબરમાં જે હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની પરવરિશમાં હતા, હઝરત અબ્દુલ્લાહ મુઝની ઝુલબિજાદૈન રદિયલ્લાહુ અન્હુની કબરમાં, હઝરત આયશા રદિયલ્લાહુ અન્હાની વાલેદા ઉમ્મે રૂમાનની કબરમાં અને હઝરત ફાતિમહ બિન્તે અસદ વાલિદાએ અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુની કબરમાં.

(જુઓ : વફાઉલ વફા લિલ સમ્હૂદી : ૩-૨૭૫)

## હુર્રા પ્રસંગે શહીદ થનારાઓની કબરો

હઝરત ઉસ્માન બિન મઝઊન રદિયલ્લાહુ અન્હુની કબરથી લગભગ ૭૫ મીટરના અંતરે એ જગ્યા છે જેને હુર્રા પ્રસંગે શહીદ થનારાઓની દફનગાહ કહેવામાં આવે છે. આ એ શહીદ સહાબાએ કિરામની કબરો છે જેમની શહાદત યઝીદ બિન મુઆવિયાના યુગમાં થઈ. એ સાહેબોએ મદીનાશરીફ અને મદીનાવાસીઓની સુરક્ષા કાજે પોતાનો જીવ કુર્બાન કરી દીધો. આ જગ્યા ચારે બાજુથી ઘેરાયેલી છે અને પથ્થરથી બોર્ડર બનાવેલી છે જો કે જમીનના સ્તરથી આ જગ્યાની ઊંચાઈ એક મીટરથી વધારે નથી. ઇતિહાસના અમુક પુસ્તકોમાં લખ્યું છે કે આ જગ્યાએ પહેલાં છત પણ હતી જો કે તેની ઊંચાઈ પણ બહુ વધારે ન્હોતી.

## ત્રીજા ખલીફા ઝુન્નૂરૈન હઝરત ઉસ્માન બિન અફ્ફાન રદિયલ્લાહુ અન્હુની કબર



બકીઅની વચમાં, હુર્રાના શહીદોની કબરોથી લગભગ એકસો પાંત્રીસ (૧૩૫) મીટરના અંતરે ઉત્તર-પૂર્વમાં મહાન સહાબી, ત્રીજા ખલી-ફએ રાશિદ હઝરત ઉસ્માન બિન અફ્ફાન રદિયલ્લાહુ અન્હુની કબર છે. આ કબરની ઉત્તર અને પૂર્વ દિશાએ પાકા રસ્તાઓ નીકળે છે.

## સઅદ બિન મુઆઝ અલ અશ્હલી રદિયલ્લાહુ અન્હુની કબર

આ સહાબીની કબર હઝરત ઉસ્માન રદિયલ્લાહુ અન્હુની કબરની ઉત્તરમાં પચાસ (૫૦) મીટરના અંતરે છે.

## હઝરત અબૂ સઈદ અને હઝરત હલીમા સઅ્-દિયા રદિયલ્લાહુ અન્હુમાની કબરો

આ બંને હસ્તીઓની કબરો બકીઅની બહાર ઉત્તર-પૂર્વમાં એ રસ્તાના છેડે હતી જે હુર્રા શિર્કિયા બાજુ જાય છે. આ કબરોને, બકીઅના અંતિમ વિસ્તરણ જે હિજરી સન ૧૩૮૫માં થયું હતું તે વખતે બકીઅમાં શામેલ કરી લેવામાં આવી હતી, આ કબરો હઝરત સઅદ બિન મુઆઝ રદિયલ્લાહુ અન્હુની કબરની ઉત્તરમાં છે.

## હઝરત ઇસ્માઈલ બિન જઅ્-ફર સાદિક રદિયલ્લાહુ અન્હુની કબર

હઝરત ઇસ્માઈલ બિન જઅ્-ફર રદિયલ્લાહુ અન્હુની કબર દક્ષિણ-પશ્ચિમમાં બકીઅની બહાર હતી, પછી સઊદી વિસ્તૃતીકરણમાં એને અંદર શામેલ કરી લેવામાં આવી, કબરની ઉપર હાલના બકીઅની દિવાલ આવી ગઈ છે.

## રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની ફોઈઓની કબરો

**(૧) હઝરત સફિયહ બિન્તે અબ્દુલ મુત્તલિબ રદિયલ્લાહુ અન્હાની કબર**

**(૨) હઝરત આતિકહ બિન્તે અબ્દુલ મુત્તલિબ રદિયલ્લાહુ અન્હાની કબર**

આ બંને કબરો બકીઅના મુખ્ય ઉત્તરી દરવાજાથી દાખલ થનારાની ડાબી તરફ ચાળીસ (૪૦) મીટરના અંતરે છે. બકીઅની પશ્ચિમી દીવાલથી આ બંને કબરો લગોલગ છે.

ઉપર જે કબરોનો જિક્ર આવ્યો છે, ભૂતકાળમાં એમની ઉપર ગુંબદો અને રોઝાઓ બનેલા હતા જેમની ઉપર એ કબરવાળાઓના નામો પણ લખેલા હતા, પછી જ્યારે આ દેશની સત્તા સઊદી વિચારશરણી હેઠળ આવી, તો એમણે આ ગુંબદો અને રોઝાઓનાં નામો નિશાન મિટાવી દીધાં.

## બકીઅ કબ્રસ્તાનની ઝિયારત (હાજરી, મુલાકાત, દર્શન)ની શ-ર-ઈ હેસીયત

બકીઅની ઝિયારતની શ-ર-ઈ હેસીયત આમ (સામાન્ય) કબરોની ઝિયારતની શ-ર-ઈ હેસીયતમાં પણ આવે છે કેમકે કબરોની ઝિયારત આખેરતની યાદ અપાવે છે, દિલોને નરમ (કૂણા) કરે છે અને આંખોને અશ્રુભીની કરે છે, જેવું કે હુઝૂર સલ્લલ્લાહુ અલૈહે વસલ્લમે ઇર્શાદ ફર્માવ્યું (અનુવાદ) :

"સમજી લો, મેં તમને ત્રણ વસ્તુઓથી રોક્યા હતા, હવે એ ત્રણ વસ્તુઓમાં મારો અભિપ્રાય એમ છે, મેં કબરોની ઝિયારતથી રોક્યા હતા, પછી મારી ઉપર જાહેર થયું કે આ (એટલે કે કબરોની ઝિયારત) દિલોને નરમ કરે છે, અને (કબરોને જોઈને) આંખો અશ્રુભીની થઈ જાય છે, આખેરતની ચિંતા ઉપજે છે, માટે કબરોની ઝિયારત કરતા રહો, (વળી) ફાલતૂ બક્વાસ ન કહો."

(મુસ્નદે ઇમામ અહમદ : ૨૮-૩૬૮, સુ-નને અબૂ દાઊદ : ૯-૪૬૪,
સુ-નને નિસાઈ : ૭-૨૬૯, મૌતા ઇમામ માલિક : ૨-૪૮૫)

આ ઉપરાંત આ કે બકીઅ કબ્રસ્તાનની ઝિયારતની શ્રેષ્ઠતા અને ફઝીલત હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની પેરવી અને ફરમાબરદારીના કારણે હજી વધારે મહાનતા ધરાવતી થઈ જાય છે એટલા માટે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અવારનવાર અને મોટે ભાગે રાત અને દિવસના સમયોમાં બકીઅની ઝિયારત કરીને મર્હૂમો (મૈયતો) માટે મગફેરતની દુઆ તેમજ ઇસ્તિગ્ફાર ફરમાવતા રહેતા હતા જેવું કે હઝરત આયશા રદિયલ્લાહુ અન્હા રિવાયત ફરમાવે છે કે :

"હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ મારો વારો આવતાં તશરીફ લાવ્યા. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ચાદર ઉતારીને મૂકી, નાલૈનશરીફ

ઉતાર્યા અને આ બંને વસ્તુઓ પોતાના કદમ મુબારક પાસે મૂકીને પોતાની પથારી પર આડા પડ્યા, હું પણ કંઈક વારમાં ઊંઘી ગઈ. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ધીમે રહીને પોતાની ચાદરશરીફ લીધી અને ધીમેથી પોતાના નાલૈનશરીફ (પગરખા, જોડા, જૂતી મુબારક) પહેર્યા, દરવાજો ખોલ્યો અને બહાર તશરીફ લઈ ગયા. હું પણ (ઊંઘમાંથી જાગીને) ઉઠી અને ચાદર માથા પર મૂકીને ખૂબ પર્દો કરીને આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની પાછળ-પાછળ ચાલી નીકળી. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ બકીઅ કબ્રસ્તાને તશરીફ લાવ્યા અને ઊભા થઈ ગયા તથા ઘણા લાંબા સમય સુધી ઊભા (દુઆ કરતા) રહ્યા. પછી આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ત્રણ વખત (દુઆ માટે) હાથ ઉઠાવ્યા, પછી પરત ફર્યા, હું પણ પાછી ફરી. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ઝડપથી ચાલવું શરૂ કરી દીધું. હું પણ ઝડપથી ચાલવા લાગી. પછી આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે દોડવાનું શરૂ કર્યું. હું પણ દોડવા લાગી. ત્યાં સુધી કે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ઘરે પહોંચ્યા તો હું એમની પહેલાં જ ઘરમાં પહોંચી ગઈ હતી અને હું પથારીમાં જેવી આડી પડી કે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અંદર દાખલ થઈ ગયા અને ફર્માવ્યું, "આયશા ! તમને શું થયું ?" મેં અરજ કરી : કાંઈ નહીં. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું : કાં તો તમે મને બતાવી દો અથવા તો મને બધું જાણનાર (એટલે કે અલ્લાહ તઆલા) બતાવી દેશે."

સૈયદા કહે છે, મેં કહ્યું : હે અલ્લાહના રસૂલ ! આપની ઉપર મારા માંબાપ કુર્બાન થાય, આખો કિસ્સો આ રીતે બન્યો. (એટલે કે આયશા રદિયલ્લાહુ અન્હુએ આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની પાછળ-પાછળ જવાની આખી વિગત બતાવી દીધી) આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું : શું મેં મારી સામે (અંધારામાં) એક કાળો પડછાયો જોયો હતો એ આપ જ હતાં ? મેં કહ્યું, જી હા. આપે મારી છાતી પર (હળવેથી ધબ્બો) મારી ફરમાવ્યું : તમે અલ્લાહ તઆલા અને એના સંબંધે કદી એવી બદગુમાની ન ફરમાવતા કે એ તમારી ઉપર જુલ્મ કરશે. લોકો મારાથી ગમે તેટલું છુપાવે, અલ્લાહ તઆલા મારી ઉપર જાહેર ફરમાવી જ દે છે. (હકીકત આ હતી કે) જિબરીલ મારી પાસે આવ્યા અને મને પોકાર કર્યો જો કે તમને જાણ થવા ન દીધી તો મેં પણ એમના પોકાર પર લબ્બૈક કહી (ઊભો થઈ ગયો) અને તમને જાણ થવા ન દીધી. જિબરીલ તમારા ઘરે એ અવસ્થામાં કેવી રીતે આવે જ્યારે તમે સૂઈ રહ્યા

હો ? હું એમ સમજ્યો કે તમે સૂઈ ગયાં છો તેથી તમને જગાડવાનું યોગ્ય ન લાગ્યું અને તમને જાણ કરીને જવાનું પણ યોગ્ય ન લાગ્યું કેમકે પછી તમે એકલા-એકલા ગભરાટ અનુભવતા. વાત એમ હતી કે તમારા પાલનહારે મને આ હુક્મ આપ્યો કે હું બકીઅવાળાઓ પાસે જાઊં અને એમના માટે મગફેરતની દુઆ કરૂં.

હઝરત આયશા ફરમાવે છે, મેં પૂછ્યું : હે અલ્લાહના રસૂલ ! હું કેવી રીતે એમના (બકીઅવાળાઓ) માટે દુઆ કરૂં ? આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું : આવી રીતે કહો :

**"અસ્સલામુ અલૈ-ક અહલદ દયારે મિનલ મુઅ્-મિની-ન વલ મુસ્લેમી-ન વ યર-હમુલ્લાહુલ મુ-ત-કદ-દિમી-ન વલ મુ-ત-અખ-ખિરી-ન વઇન્ના ઇન્શા-અલ્લાહુ બિકુમ લાહિકૂન."**

(મુસ્લિમ, બાબે મા યકાલુ ઇન્દ દુખૂલુલ કુબૂરે વદ દુઆ-અ લિ અહલિહા : ૩-૬૪, નિસાઈ : ૪-૩૯૬, તિર્મિઝી સુનન : ૩-૨૫૯)

**અનુવાદ :-** "હે ઈમાનવાળાઓ અને ઇસ્લામવાળાઓ ! તમારી ઉપર સલામતી થાય, અલ્લાહ તઆલા આગલા અને પાછલાઓ ઉપર રહેમ ફરમાવે, અને અમે પણ ઇન્શાઅલ્લાહ તમારાથી મળવાના છીએ."

બધા મુસલમાનો આ વાતમાં સહમત છે કે જે માણસ મદીનાશરીફની ઝિયારત માટે આવે એના માટે મસ્નૂન (સુન્નત) છે કે એ બકીઅ કબ્રસ્તાનની ઝિયારત કરે, મર્હૂમોને સલામ કરે અને એમના માટે મગફેરતની દુઆ કરે જેવું કે હુઝૂર સલ્લલ્લાહુ અલૈહે વસલ્લમે આપણને શીખવાડ્યું, આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઇર્શાદ છે : "મને હુક્મ આપવામાં આવ્યો છે કે હું એમના (બકીઅવાળાઓ) માટે દુઆ કરૂં."

(મુસ્નદે ઇમામ અહમદ : ૫૭-૧૧, મુસ્નદ ઇસ્હાક બિન રાહવિયા : ૨-૩૯૬)

અલ્લાહ તઆલા દરેક મુસલમાનનો ખાત્મો ઈમાન ઉપર ફરમાવે અને આપણને પણ મદીનાવાળાઓમાં ગણીને બકીઅની માટી નસીબ ફરમાવે, આમીન.

**વઆખિરુ દઅ્-વાના અનિલ હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આ-લમીન.**

**અલ્લાહુમ્મર-ઝુકના શહા-દ-ત ફી સબીલિ-ક વલ મવ-ત ફી બ-લ-દિર રસૂલ.**

**આમીન...**

## જન્નતુલ બકીઅની ભવ્ય દરગાહોની આલીશાન ઇમારતો કોણે તેને ધ્વસ્ત (બરબાદ) કરવાનો આદેશ આપ્યો અને કેમ ?

બકીઅ કબ્રસ્તાન મદીનાશરીફમાં છે. અને આલે સઊદ વંશે હિજાઝ અને મક્કા તથા મદીના શહેરો ઉપર કબ્જો કર્યા પછી વહાબી ધર્મગુરૂઓના ફતવાને આધાર બનાવીને હિજરી સન પ્રમાણે ૮ શવ્વાલ ૧૩૪૪ ના રોજ બકીઅ કબ્રસ્તાનમાં આવેલ તમામ મઝારોને ધ્વસ્ત કરી દીધા.

ઈસવી સન પ્રમાણે તે ૨૭ એપ્રિલ ૧૯૨૬ બુધવાર નો દિવસ હતો. આ કબ્રસ્તાનમાં ઘણી જ મહાન હસ્તીઓના મઝાર હતાં. જેમાં સૌથી મહત્વપૂર્ણ મઝાર શેહઝાદીએ રસૂલ હઝરત સૈયદા ફાતિમા ઝહરા બતૂલ રદિયલ્લાહુ અન્હા નો મઝાર હતો.

### બકીઅને ધ્વસ્ત કેમ કરવામાં આવ્યું ?

વહાબી ફિરકાના વૈચારિક ગુરૂ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ, મુસલમાનોને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી દુઆ કરવાથી રોકતો હતો અને જો કોઈને આ કામ કરતા જોઈ લે તો તો તેને સજા આપતો હતો.

અઢારમી સદીના મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ નું માનવું હતું કે ત્રીજી સદી પછી ઈસ્લામના વિશે આલિમોએ જે કંઈ કહ્યું છે, તે બધું ખોટું છે અને તે બધી વસ્તુઓને ઇસ્લામ થી અલગ કરવામાં આવે. તે સુન્ની મુસલમાનોમાં એક મોટા સુધારકનો દાવો કરતો હતો. અને મઝારોની ઝિયારત (દર્શન) અને તેના નિર્માણ ને ગુનો સમજતો હતો.

### વહહાબિયા અને મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ

મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ ના આ પ્રકાર વિચારોના કારણે મદીના નગર થી તેને હાંકી કાઢવામાં આવ્યો. તેના પછી તે નજદ ના, જે વર્તમાન સઉદી અરબ છે, ઉત્તર પૂર્વી વિસ્તારમાં ચાલ્યો ગયો. જ્યાં તેની માન્યતા પ્રમાણે, ઇસ્લામની રાહમાં એક પ્રવિત્ર (અપવિત્ર) યુધ્ધ શરૂ કરવા પર સઊદી વંશને તૈયાર કરવામાં સફળ થઈ ગયો. ઇતિહાસકારોના

અનુસાર, મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ ને બ્રિટિશ ગુપ્તચર એજન્સીએ તૈયાર કર્યો હતો. અને તેમણે તેને સઊદી વંશની પાસે મોકલ્યો હતો. મોહમ્મદ બિન અબ્દુલ વહહાબના વિચારોને સઊદ વંશે ઔપચારિક રૂપથી સ્વીકાર કર્યો અને તેની વિચારધારા અને બ્રિટેનની મદદથી ધીમે-ધીમે સઊદવંશે જેનુ શાસન નજદ અને હિજાઝના જે વિસ્તાર પર હતુ, સંપૂર્ણ નજદ ઉપર કબ્જો કરી લીધો. સઊદી વંશે મક્કા તથા મદીના ઉપર હુમલો કરીને તેના ઉપર કબ્જો કરી લીધો. તેના સિવાય ઈરાક ના કેટલાક શહેરો ઉપર હુમલા કર્યા અને લૂટમાર ચલાવી, પરંતુ ૧૮૧૮ ઈ.સ.માં ઓટોમન સામ્રાજ્યે (ઉસ્માની ખિલાફતે) મિસ્રની સહાયતા થી વહાબીઓના શાસનનો અંત કરી દીધો. પરંતુ વહાબીઓએ પ્રથમ ફૈસલના નેતૃત્વમાં ફરીથી પોતાનુ શાસન ઊભુ કરી દીધું. જોકે બીજી વખત પણ ઉત્તરી સઉદી અરબના રશીદિયા વંશે વહાબીઓના શાસનનો અંત કરી દીધો.

ઈ.સ. ૧૮૮૪ માં રિયાઝ (નજદ) તેમના હાથોથી જતુ રહ્યું. અને ઈ.સ. ૧૮૮૯માં સઉદી શાસક, કુવૈતમાં શરણ લેવા પર મજબૂર થઈ ગયા.

૨૦મી સદીમાં ઈ.સ. ૧૮૮૯માં પ્રિન્સ અબ્દુલ અઝીઝના નેતૃત્વમાં સઊદી અરબમાં વહાબીઓની સત્તાના માટે ત્રીજો સફળ પ્રયાસનો આરંભ થયો અને ઈ.સ. ૧૯૦૨માં પ્રિન્સ અબ્દુલ અઝીઝે રિયાઝ (નજદ) ઉપર કબજો કરી લીધો. અને ઈ.સ. ૧૯૩૨ સુધી માં સઊદી વંશ પાસેથી મુક્ત થયેલા લગભગ બધા જ ક્ષેત્રોને ફરીથી કબ્જો કરીને વહહાબી વિચારધારાની સાથે સઊદી અરબની સ્થાપના કરી અને પછી ઈસ્લામી જગતમાં વિનાશ લીલાનો આરંભ થઈ ગયો.

## બકીઅને ઘણીવાર ધ્વસ કરવામાં આવ્યું

હિજાઝ ઉપર આલે સઊદના અધિકારના પછી જોકે મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ આ શાસનના વૈચારિક ગુરૂ હતો. એટલા માટે જે શહેરમાં પણ મઝાર કે પ્રવિત્ર સ્થળ વહાબીઓની નજરે આવતા હતા તે તેને પાડી દેતા હતાં.

## 22. બકીઅનો પરિચય

વહાબીઓએ સૌથી પહેલા હિ.સ. ૧૨૨૧ માં એટલે આજથી ૨૧૬ વર્ષ પહેલા બકીઅ કબ્રસ્તાનમાં કેટલોક ભાગ ધ્વસ્ત કર્યો, પરંતુ જ્યારે પૂરા હિજાઝ ઉપર કબ્જો થઈ ગયો તો હિ.સ. ૧૩૪૪ માં એટલે આજની ૯૯ વર્ષ પહેલા આ કબ્રસ્તાન ના દરેક મઝારને પાડી દીધા. અને આ મઝારમાં મૌજૂદ કીમતી વસ્તુઓને પણ લૂટી લીધી.

વહાબીઓએ તાઇફ નગરમાં ઇબ્ને અબ્બાસના મઝારને પણ પાડી દીધો. જ્યારે કે મક્કા પર કબ્જા પછી પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના પરિવારવાળા, અબ્દુલ મુત્તલિબ, અબૂતાલિબ અને ઉમ્મુલ મોમેનીન હઝરત ખદીજા ના મઝારોને માટીના ઢગલામાં ફેરવી દીધા. જિદ્દા ઉપર જ્યારે તેમનો કબ્જો થયો તો તેમણે ત્યાં હઝરત હવ્વા અલયહિસ્સલામનો મઝાર ધ્વસ્ત કરી દીધો. અને જ્યારે વહાબીઓએ મદીના શહેર પર કબ્જો કરવા માટે તેનો ઘેરાવ કર્યો તો પયગમ્બરે ઈસ્લામ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના કાકા હઝરત હમ્ઝા રદિયલ્લાહુ અન્હુના મઝાર અને ત્યાંની બનેલી મસ્જિદ વગેરેને ધ્વસ્ત કરી દીધા.

મદીના ના કબ્જા પછી વહાબીઓના તત્કાલીન મુફતી શૈખ અબ્દુલ્લાહ બિન વલીદહ એ રમઝાનમાં હિ.સ. ૧૩૪૪માં મદીના જઈને ત્યાંના લોકો વચ્ચે હેન્ડબિલ વહેંચ્યા. જેમાં તેમને પૂછવામાં આવ્યુ હતું કે મજારોને ધ્વસ્ત કરવા વિશે તેમનું શું કહેવું છે ?

જો કે વહાબીઓએ લોકોના જવાબની રાહ જોયા વિના મદીનામાં મૌજૂદ બધાજ પવિત્ર સ્થળોને માટીના ઢગલામાં ફેરવી દીધા, તેઓ, મદીનામાં પયગમ્બરે ઈસ્લામના મઝાર ને પણ ધ્વસ્ત કરવા માંગતા હતા, પરંતુ જે પ્રકારથી ઇસ્લામી જગતમાં તેમનો વિરોધ શરૂ થયો હતો તેના ડરને કારણે તેમણે પયગમ્બરે ઇસ્લામના મઝારને છોડી દીધો. જોકે હજુ અત્યારે પણ વિવિધ પ્રસંગોએ વહાબી ધર્મગુરૂઓ પોતાના આ નીચ વિચારને પ્રગટ કરતા રહે છે.

## સઊદી હુકૂમતસે સવાલ


ઇસ સાનેહા સે ગુંબદે ખિદરા હૈ પુર મલાલ
લખ્તે દિલે રસૂલ કી તુરબત હૈ ખસ્તા હાલ
દિલમેં ઠટક ગયા કે, નઝરમેં સિમટ ગયા
ઇસ જન્નતુલ બકીઅ કી તાઝીમકા ખયાલ
તયબહમેં ભી હૈ આલે પયમ્બર પે ઇબ્તિલા
ઇસ ઇબ્તિલા કી ખાતિર કૌનેન હૈ નિઢાલ
સોયે હુવે હૈં માં કી લહદ હી કે આસપાસ
પોરે ખલીલ, સિબ્તે પયમ્બર, અલી કે લાલ
ઉળતી હૈ ધૂલ મરકદે આલે રસૂલ પર
હોતા હૈ દેખતે હી તબીયત કો ઈબ્તલાલ
ઉફતાદગાને ખ્વાબ હૈ આલે અબૂ તુરાબ
અબતક વહી હૈ ગરદિશે દૌરાં કી ચાલ-ઢાલ
ફર્રે શહીં રવાં હૈ, પયમ્બર કે દીન મેં
લેકિન હરામ શય હૈ, મકાબિર કી દેખભાલ
ઇસ્લામ અપને મોબુદો મન્સામેં અજનબી
તોરા ગઝબ કહાં હૈ ખુદાવંદે ઝુલજલાલ
તોંદે બળ્હી હુઇ હૈં ગરીબોં કે ખૂન સે
મહલોં કી આબો તાબ હૈ હુકકામ પર હલાલ
જિસકી નિગાહ મેં બિન્તે નબી કી હયા ન હો
ઉસ શખ્સ કા નવિશ્તએ તકદીર હય ઝવાલ
ફટતી હૈ પો તો સુબ્હ ભી હોતી હૈ બિલ ઝરૂર
ફિરતે હૈં રોઝો શબ તો પલટતે હૈં માહો સાલ
કબ તક રહેંગી આલે પયમ્બર લુટી પુટી
કબ તક રહેંગે બાકિરો જઅફર યું ખશતા હાલ
અઝ બસ કે હૂં ગુલામે ગુલામાને અહલે બૈત
હર લેહઝા ઉનકી ઝાતપે કુર્બાન જાનો માલ
કયા યૂં હી ખાક ઉળેગી મુકદ્દસ મઝારોં પર
ફૈસલકી સલ્તનતસે હૈ “શોરિશ” મેરા સવાલ

ß ***દેવબંદી શાઇર, મૌલાના શોરિશ કાશ્મીરી***

તયબહ (માસિક) તા. ૧-૮-૯૨

બ-હવાલા : હિજાઝની વાદીઓ અને ફુરાતનો કિનારો

# 24. બકીઅનો પરિચય




નકશા જન્નતુલ બકીઅ
શા-રએ સીતીન
હઝરત અબૂસઈદ ખુદરી
હઝરત મૌલા અલીકી વાલિદા
ફાતિમા બિન્તે અસદ
દીવાર કિબ્લા બકીઅ જમાઅ
હઝરત દાઈ
હલીમા સાદિયા
તીસરે ખલીફા
હઝરત ઉસ્માને ગની
શા-રએ અબ્દુલ અઝીઝ
શા-રએ અલી ઇબ્ને અબૂ તાલિબ
હુદૂદે અબલિયહ
શો-હદાએ ઓહદ
ફર્ઝન્દે રસૂલ
હઝરત ઈબ્રાહીમ
ઈમામ નાફેઅ
ઈમામ માલિક
હઝરત જુવેરિયહ
હઝરત સવદા
હઝરત આઇશા
હઝરત હફ્સા
હઝરત ઉમ્મે હબીબા
હઝરત ઉમ્મે સલમા
હઝરત સફિયા
હઝરત ઝૈનબ
અઝવાજે મુ-ત-હરાત
ઉમ્મહાતુલ મોમિનીન
હઝરત અબ્દુલ્લાહ
બિન જઅફર તૈયાર
(હઝરત અલીકે ભતીજે)
હઝરત અકીલ
બિન અબૂ તાલિબ
(હઝરત અલીકે ભાઈ)
ઈમામ જઅફર સાદિક
ઈમામ મુહમ્મદ બાકિર
ઈમામ ઝૈનુલ આબિદીન
ઈમામ હસન
૧ ૨ ૩
દુખ્તરે રસૂલ
૧. હઝરત રુકૈયા
૨. હઝરત ઉમ્મે કુલસૂમ
૩. હઝરત ઝૈનબ
હઝરત અબ્બાસ
હઝરત ફાતેમતુઝ ઝોહરા
(હઝરત નબીકી સાહબઝાદી)
૧ ૨
ઈમામ અબૂલ
ફઝલ
દરવાઝા
હઝરત નબીકી
દો ફૂફિયાં
૧. હઝરત સફિયા
૨. હઝરત આતેકા



૧. હઝરત રુકૈયા બિન્તે મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વ આલિહી વસલ્લમ
૨. હઝરત કુલસુમ બિન્તે મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વ આલિહી વસલ્લમ
૩. હઝરત ઝૈનબ બિન્તે મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વ આલિહી વસલ્લમ

હઝરત ઈમામ માલિક બિન અનસ
હઝરત ઈમામ નાફેઅ બિન અબ્દુર્રહમાન





ત્રીજા ખલીફા હઝરત ઉસ્માન ગની બિન અફ્ફાન

હઝરત અબ્દુલ્લાહ બિન જઅફર તૈયાર બિન અબૂ તાલિબ
હઝરત અકિલ બિન અબૂ તાલિબ





હઝરત ઈબ્રાહીમ ફર્ઝન્દે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વ આલિહી વસલ્લમ

ઉમ્મુલ મુઅમિનીન મારિયા કિબ્તિયા
ઉમ્મુલ મુઅમિનીન જુવૈરિયા બિન્તે હારિસ
ઉમ્મુલ મુઅમિનીન હિંદ બિન્તે અબૂ ઉમૈયા
ઉમ્મુલ મુઅમિનીન ઝૈનબ બિન્તે જહશ
ઉમ્મુલ મુઅમિનીન ઝૈનબ બિન્તે ખુઝૈમા
ઉમ્મુલ મુઅમિનીન સૌદા બિન્તે ઝમ્આ



ઉમ્મુલ મુઅમિનીન હફસા બિન્તે ઉમર
ઉમ્મુલ મુઅમિનીન સફિયા બિન્તે હુય બિન અખતબ
ઉમ્મુલ મુઅમિનીન આઇશા બિન્તે અબૂ બકર



હઝરત દાઈ હલીમા સઅદિયા
(દૂધ વાલિદા હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વ આલિહી વસલ્લમ







## મુસ્લિમ સમાજને ખાસ અપીલ

હઝરત મુહિબ્બે મિલ્લત (રૂપાલવાળા)ની સર-પરસ્તીમાં તથા હઝરત સૈયદ યાકૂબમિયાં કાદરી (કડીવાળા)ની સદારતમાં, છેલ્લા અનેક વર્ષોથી, કડીની લોકપ્રિય અને પ્રસિદ્ધ સંસ્થા

**બઝમે કાદરિયહ (કડી)**

દીનો મિલ્લતની અને અહલે સુન્નતની અનુપમ ખિદમત એક યા બીજી રીતે બલ્કિ અનેક રીતે કરી રહેલ છે. જેનાથી વાંચકો સુપરિચિત છે. ખાસ કરીને અવાર નવાર ઈસ્લામી સાહિત્ય પ્રસિધ્ધ કરી તેની મફત વહેંચણી કરવામાં આવે છે જે સંસ્થાની સેવાનું જમા પાસું છે. લોકડાઉનના કપરા કાળ પછીય અમારા સખી દાતાઓ અમારી પડખે ઊભા છે. તે સરાહનીય છે. આશા છે અમારા હમદર્દ, ચાહકો અને સહાયકો આ વર્ષે પણ ઝકાત કે લિલ્લાહ મોકલી સંસ્થાને વધુ મજબૂત કરશે. મદદગારોને સાહિત્ય મોકલવામાં આવે છે.

સખાવતકી દિલમેં અગર ચાંદની હૈ
યહી રૌશની કબ્રમેં દેખની હૈ

**મદદ મોકલવાનું સરનામું**

**બઝ્મે કાદરિયહ**
સિંધીવાડ, કસ્બા, મુ.કડી, જિ.મહેસાણા
M. 972 74 75 486

© COPY RIGHT RESERVED

PRINTED & DESIGN BY : **MADNI PRINTERS** (Ahmedabad-1)
M. 93 28 786 92 0